# મોદીએ રશિયાના ભારતીય સમુદાય સાથે વાર્તાલાપ કર્યો: રશિયાને ભારતનું સદાબહાર મિત્ર ગણાવ્યું

**રશિયા** શબ્દ સાંભળતા જ દરેક ભારતીયના મનમાં સુખ-દુ:ખ કા સાથી એ શબ્દો પહેલા આવે છે

**ભારતીય** સમુદાય સમક્ષ બોલતા મોદીએ કહ્યું કે આજનું ભારત આત્મવિશ્વાસથી છલકાઇ રહ્યું છે

મોસ્કો, તા. ૯(પીટીઆઇ): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રશિયા સાથેના ભારતના સંબંધોને મોકળા મનથી વધાવતા આ જૂના સાથીદારને ભારતના સદાબહાર મિત્ર તરીકે ગણાવ્યું હતું અને છેલ્લા બે દાયકામાં તેમની નેતાગીરી હેઠળ દ્વિપક્ષી સંબંધોને મજબૂત કરવા બદલ રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિનની પ્રશંસા કરી હતી.

રશિયામાં વસતા ભારતીય સમુદાયને સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે ભારત-રશિયા સંબંધો પરસ્પરના વિશ્વાસ અને સન્માનના મજબૂત થાંભલા પર બંધાયા છે, ભારપૂર્વક જણાવ્યું હતું કે આ સંબંધો કસોટીની એરણ પર ચકાસાયા છે અને દરેક વખતે વધુ મજબૂત બનીને ઉભર્યા છે. રશિયાના એક સાથીદાર તરીકે અને પુટિનની નેતાગીરીના મોદી દ્વારા ભારે વખાણ એવા સમયે આવ્યા છે કે જ્યારે યુક્રેનમાં યુદ્ધના મામલે પશ્ચિમી જગત દ્વારા પુટિનને એકલા પાડી દેવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

ભારતીય સમુદાયને સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે રશિયા શબ્દ સાંભળતાની સાથે દરેક ભારતીયના મનમાં સુખ દુ:ખ કા સાથી એ શબ્દ પ્રથમ આવે છે. તેમણે કહ્યું હતું કે રશિયામાં શિયાળા દરમ્યાન તાપમાન ભલે શૂન્યની નીચે ગમે તેટલું માઇનસમાં જાય પણ ભારત-રશિયાની મિત્રતા હંમેશા પ્લસમાં રહે છે અને ઉષ્માથી ભરપુર રહે છે. મોદીએ કહ્યું હતું કે આજનું ભારત આત્મવિશ્વાસથી છલકાઇ રહ્યું છે, આનાથી વિપરીત ૨૦૧૪ પહેલાની સ્થિતિ એવી હતી કે ભારત નિરાશામાં ડૂબેલું હતું, અને આજનો આત્મવિશ્વાસ એ આપણી સૌથી મોટી મૂડી છે એમ મોદીએ કહ્યું હતું.

## સર પે લાલ ટોપી રૂસી...: મોદીએ રાજકપૂરનું ગીત યાદ કર્યું

**ભારતીયો** સમક્ષ બોલતા મિથુન ચક્રવર્તીને પણ યાદ કર્યા






મોદીએ રાજકપૂર પર ફિલ્માવાયેલું સર પે લાલ ટોપી રૂસી, ફીર ભી દિલ હૈ હિન્દુસ્તાની એ લોકપ્રિય ગીત યાદ કર્યું હતું અને કહ્યું હતું કે આ ભલે જૂનું ગીત હોય પણ તેની લાગણીઓ સદા લીલીછમ રહી છે. મોદીએ બંને દેશો વચ્ચેના ઉંડા સાંસ્કૃતિક સંબંધો વિશે બોલતી વખતે મિથુન ચક્રવર્તીનો પણ ઉલ્લેખ કર્યો હતો, એક વધુ ભારતીય અભિનેતા, જેના રશિયામાં ઘણા ચાહકો છે.


# પુટિને મોદીને ઈલેક્ટ્રિક કારની સવારી કરાવી





**પુટિને** મોદીને પોતાનો અંગત તબેલો પણ બતાવ્યો

મોસ્કો, તા. ૯: વડાપ્રધાન મોદીને રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટિન પોતાના અંગત આવાસ નોવો-ઓગારિયોવો ખાતે પણ લઈ ગયા હતા. અહીં બંને ઈલેક્ટ્રિક કારમાં સવારી કરતા દેખાયા હતા. આ કાર પ્રમુખ પુટિન પોતે ચલાવી રહ્યા હતા. આ નાનકડી ઈલેક્ટ્રિક કાર ગોલ્ફ કાર્ટ વાહન જેવી દેખાય છે પણ તેમાં પહોળા ટાયર અને મોટી ફ્રેમ છે. ચાર બેઠકો વાળી આ ઈલેક્ટ્રિક કારમાં આગળ બે બેઠકો અને પાછળ બે બકેટ બેઠકો હતી. જો કે હજી એ જાણવા મળ્યું નથી કે આ કાર કઈ બ્રાન્ડની અને કયા મોડલની છે પરંતુ આ ડ્રાઈવ પરથી એ સંકેત મળે છે કે બંને નેતાઓ ક્લિન મોબિલિટી પર ભાર આપી રહ્યા છે. સ્પોર્ટ્સના શોખીન મોદીએ પુટિનને પોતાનો અંગત તબેલો પણ બતાવ્યો હતો જ્યાં મોદી અને પુટિન ઘોડાઓને પંપાળતા પણ જોવા મળ્યા હતા.



યુકેના કેનસિંગટન ગાર્ડન્સ ખાતે સર્પેન્ટાઇન ગેલેરીના પબ્લિક આર્ટ પ્રેઝન્ટેશનના ભાગરૂપે જાપાનીઝ કલાકાર યાયોઇ કુસામા દ્વારા મૂકવામાં આવેલા કોળાની વિશાળ પ્રતિમા તસવીરમાં જોઇ શકાય છે.

# યુએસમાં ભારતીય વિદ્યાર્થીનું ડૂબી જવાથી મોત

ન્યૂયોર્ક, તા. 9 (પીટીઆઈ): ટ્રાઈન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા 25 વર્ષીય ભારતીય વિદ્યાર્થીનું ન્યુયોર્ક રાજ્યના અલ્બાની ખાતેના એક ધોધમાં ડૂબી જવાથી મૃત્યુ થયું હતું. આવી દુર્ઘટનાઓના દોરથી ઝઝૂમી રહેલા સમુદાય માટે આ તાજેતરની ઘટના છે. એમ અહીં ભારતના કોન્સ્યુલેટે જણાવ્યું હતું.

સાંઈ સૂર્ય અવિનાશ ગડ્ડેનું મૃત્યુ 7 જુલાઈએ અહીંથી લગભગ 240 કિમી ઉત્તરે અલ્બાનીના બાર્બરવિલે ફોલ્સ ખાતે થયું હતું. મિશને એક્સ પર પોસ્ટ કર્યું હતું કે, અમે ટ્રાઈન યુનિવર્સિટીના વિદ્યાર્થી સાંઈ સૂર્ય અવિનાશ ગડ્ડેના દુ:ખદ મૃત્યુથી ખૂબ જ દુ:ખી છીએ, જે 7મી જુલાઈએ અલ્બાની, ન્યુયોર્કના બાર્બરવિલે ફોલ્સમાં ડૂબી ગયો હતો.

## સાત રાજ્યોની 13 વિધાનસભા બેઠકોની આજે પેટા-ચૂંટણી

નવી દિલ્હી, તા. 9 (પીટીઆઈ) : સાત રાજ્યોની 13 વિધાનસભા બેઠકો પર બુધવારે પેટા-ચૂંટણી યોજાશે. આ ચૂંટણીમાં હિમાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન સુખવિંદર સિંહ સુખુની પત્ની સહિત ઘણા દિગ્ગજોનું ભાવિ નક્કી થશે. જે વિધાનસભા બેઠકો પર ચૂંટણી યોજાવાની છે તેમાં રાયગંજ, રાણાઘાટ દક્ષિણ, બાગડા અને માનિકતલા (પશ્ચિમ બંગાળ), બદ્રીનાથ અને મંગલૌર (ઉત્તરાખંડ); જલંધર પશ્ચિમ (પંજાબ); દેહરા, હમીરપુર અને નાલાગઢ (હિમાચલ પ્રદેશ); રૂપૌલી (બિહાર); વિક્રવંડી (તામિલનાડુ) અને અમરવારા (મધ્યપ્રદેશ)નો સમાવેશ થાય છે.

# ડોડામાં અથડામણ ફાટી નિકળી: કથુઆ હુમલા પછી સર્ચ ઓપરેશન વિસ્તૃત કરાયું

**પાંચ** સૈનિકોનો ભોગ લેનાર કથુઆ હુમલાની તપાસ કરવા એનઆઇએ અધિકારીઓને મોકલાયા

જમ્મુ, તા. ૯: છેલ્લા કેટલાક દિવસમાં જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે અથડામણના અનેક બનાવો અને કથુઆમાં લશ્કર પર હુમલાના બનાવો પછી આજે ડોડા જિલ્લાના ઉંચાઈવાળા વિસ્તારોમાં સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે નવેસરથી એક અથડામણ ફાટી નિકળી હતી. આ અથડામણ અંગે જો કે હજી સુધી વધુ વિગતો મળી શકી નથી ત્યારે કથુઆમાં પાંચ સૈનિકોનો ભોગ લેનાર હુમલા પછી સર્ચ ઓપરેશન વધુ સઘન બનાવાયું છે અને તપાસમાં જમ્મુ-કાશ્મીર પોલીસને મદદ કરવા માટે એનઆઈએને પણ કામે લગાડવામાં આવી છે.

દુર્ગમ માશેડી પ્રદેશમાં ચાલતા સર્ચ ઓપરેશનનું નિરીક્ષણ કરવા માટે ડીરેક્ટર જનરલ ઓફ પોલીસ આર. આર. સ્વેઇન પોતે કથુઆ પહોંચ્યા હતા. જ્યારે કથુઆમાં શોધખોળ અભિયાન ચાલુ જ હતું ત્યારે ડોડા ટાઉનથી ૩૫ કિમી પૂર્વમાં આવેલ ઘડી ભગવાહ જંગલ વિસ્તારમાં એક નવેસરની બંદૂકબાજી ફાટી નિકળી હતી. આ વિસ્તારમાં ઓછામાં ઓછા ત્રણ વિદેશી ત્રાસવાદીઓની હાજરી હોવાની મળેલી બાતમીના આધારે એક સર્ચ એન્ડ કોર્ડન ઓપરેશન શરૂ કરવામાં આવ્યું તેના પછી આ અથડામણ ફાટી નિકળી હતી. અથડામણ અંગે વધુ વિગતો હજી મળી શકી નથી. દરમ્યાન, કથુઆમાં માર્યા ગયેલા પાંચ સૈનિકોના મૃતદેહને પઠાણકોટ એરબેઝ પર પુષ્પાંજલિ અર્પણ કરીને તેમના વતન અંતિમ સંસ્કાર માટે રવાના કરવામાં આવ્યા હતા. બીજી બાજુ, કથુઆ હુમલાની તપાસમાં જમ્મુ-કાશ્મીર પોલીસને મદદ કરવા માટે એનઆઈએના અધિકારીઓને કથુઆ મોકલવામાં આવ્યા છે.

# ફ્રાન્સમાં વિજયી બનેલા ડાબેરીઓની ધનવાનો પર ૯૦ ટકા ટેક્સ લાદવાની વિચારણા

**ગભરાયેલા** ફ્રેન્ચ ધનવાનો ઇટાલી, સ્વીટ્ઝર્લેન્ડ જેવા દેશોમાં ખસી જવા પૂછપરછ કરી રહ્યા છે

પેરિસ, તા. ૯: ફ્રાન્સની ચૂંટણીમાં ડાબેરીઓના ગઠબંધનનો આશ્ચર્યજનક વિજય થયો છે અને તે સાથે જ ફ્રેન્ચ ધનવાનોમાં ગભરાટ ફેલાયો છે કારણ કે ડાબેરીઓ ધનવાનો પર આકરા વેરાઓ ઝીંકે તેવા સંકેતો મળી ગયા છે.

ડાબેરીઓના ગઠબંધન ન્યૂ પોપ્યુલર ફ્રન્ટ એલાયન્સે એમ મોટી ટેક્સ એન્ડ સ્પેન્ડ પોલિસીની દરખાસ્ત મૂકી છે. ડાબેરીઓ ધનવાનો પર ઘણા ઉંચા દરે વેરા લાદીને તે આવકનો ઉપયોગ સમાજના નીચલા વર્ગના લોકોના કલ્યાણ પાછળ ખર્ચવા માગે છે એવા સંકેત જાણવા મળી રહ્યા છે. કટ્ટર ડાબેરીઓનું ગઠબંધન ન્યૂ પોપ્યુલર ફ્રન્ટ(એનએફપી) ખૂબ ઉંચી આવક ધરાવતા ધનિક વર્ગ પર ૯૦ ટકાના દરે વેરા લાદવાની યોજના બનાવી રહ્યું છે. અને આનાથી ધનવાન વર્ગમાં ગભરાટ ફેલાયો છે. ચૂંટણી થાય તે પહેલા જ ફ્રાન્સના નાણાકીય સલાહકારોએ જણાવ્યું હતું કે તેમના પર ટેક્સ હેવન દેશોમાં જવા માટેની ધનવાનોની ઘણી પૂછપરછ આવી રહી છે. દેખીતી રીતે તેમને પહેલાથી જ ડાબેરીઓના વિજયનો ડર હતો. અને હવે તો આવી પૂછપરછનું પ્રમાણ ખૂબ વધી ગયું છે.




## એન્ટિલિયામા અનંત-રાધિકાની હલ્દી-મહેંદી સેરેમની થઇ : ઉદિત નારાયણે પરફોર્મ કર્યું,

મુંબઈ, તા. 09 : મુકેશ અંબાણીએ સોમવારે એન્ટિલિયા સ્થિત તેમના ઘરે પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની હલ્દી-મહેંદી સેરેમનીનું આયોજન કર્યું હતું. આ ફંક્શનમાં સલમાન ખાન, સારા અલી ખાન, જાહ્નવી કપૂર, અર્જુન કપૂર, અનન્યા પાંડે, માનુષી છિલ્લર અને રણવીર સિંહ સહિત બોલિવૂડના ઘણા સેલેબ્સ સામેલ થયા હતા.

મુકેશ અંબાણીના નાના ભાઈ અનિલ અંબાણી અને તેમની પત્ની ટીના અંબાણી સહિત પરિવારના ઘણા સભ્યોએ પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. રાધિકાના પિતા વિરેન મર્ચન્ટ, માતા શૈલા મર્ચન્ટ અને બહેન અંજલિ પણ ઉદિત નારાયણ અને રાહુલ વૈદ્ય સાથે જોવા મળ્યા હતા. મોડી રાત સુધી ચાલેલા આ સમારોહમાં ઉદિત નારાયણ અને રાહુલ વૈદ્યે પર્ફોર્મન્સ આપ્યું હતું. આ કાર્યક્રમ પરંપરા, સંગીત અને ઉજવણીથી ભરેલો હતો. મનોરંજનની સાથે ભાવનાત્મક સ્પર્શ



આપવા માટે, ઉદિતે 'મહેંદી લગા કે રખના', 'બદ્રીનાથ કી દુલ્હનિયા' અને 'બોલે ચૂડિયા' જેવા ગીતો રજૂ કર્યા.

## ઉષા ઉત્થુપના પતિ જાની ચાકો ઉત્થુપનું નિધન: જાની ગાયિકાના બીજા પતિ હતા



નવી દિલ્હી, તા.9 : પદ્મ ભૂષણથી સન્માનિત પોપ સિંગર ઉષા ઉત્થુપના પતિ જાની ચાકો ઉત્થુપનું સોમવારે, 8 જુલાઈના રોજ કોલકાતામાં અવસાન થયું હતું. તેઓ 78 વર્ષના હતા. કોલકાતામાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. ઉષા ઉત્થુપના પરિવારના જણાવ્યા અનુસાર, જાની તેમના ઘરે ટીવી જોઈ રહ્યા હતા અને તે દરમિયાન તેને અસ્વસ્થતા અનુભવાઈ હતી. તેને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યા હતા. તબીબોએ જણાવ્યું હતું કે, જાની ચાકોનું મૃત્યુ હાર્ટ એટેકથી થયું હતું.



## ઉર્વશી રૌતેલા હોસ્પિટલમાં દાખલ, એક્શન સીનના શૂટિંગ દરમિયાન થયું ફ્રેક્ચર

નવી દિલ્હી, તા. 9 : અભિનેત્રી ઉર્વશી રૌતેલા માત્ર તેની ફિલ્મો માટે જ નહીં પરંતુ તેના અંગત જીવન માટે પણ ઘણી ચર્ચામાં રહે છે. તે પોતાની સાથે જોડાયેલી માહિતી ફેન્સ સાથે શેર કરે છે. હવે તાજેતરમાં સમાચાર આવી રહ્યા છે કે અભિનેત્રી હૈદરાબાદમાં ફિલ્મના શૂટિંગ દરમિયાન ઘાયલ થતાં હોસ્પિટલમાં દાખલ છે. અભિનેત્રી ઉર્વશી રૌતેલા નંદામુરી બાલકૃષ્ણાની તેલુગુ ફિલ્મ 'એનબીકે 109'માં જોવા મળશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હૈદરાબાદમાં ફિલ્મના શૂટિંગ દરમિયાન ઈજાગ્રસ્ત થયા બાદ અભિનેત્રી હોસ્પિટલમાં દાખલ છે.




કરદાતાઓ ધ્યાન આપો!

શું તમે વિદેશી સંપત્તિ / બેંક ખાતાઓ વગેરે ધરાવો છો?

કૃપા કરીને ITRમાં વિદેશી સંપત્તિ શેડ્યૂલ ભરો

આકારણી વર્ષ 2024-25 માટે ITR ફાઇલ કરવાની છેલ્લી તારીખ : 31મી જુલાઈ, 2024

જો તમે

પાછલા વર્ષ દરમિયાન ભારતમાં કર નિવાસી છો અને / તમે વિદેશી સંપત્તિ અથવા બેંક ખાતાઓ ધરાવો છો અથવા / પાછલા વર્ષ દરમિયાન વિદેશી આવક મેળવી છે

વિદેશી સંપત્તિ (FA)નો સમાવેશ થાય છે

- વિદેશી બેંક ખાતાઓ
- વિદેશી રોકડ મૂલ્ય વીમા કરાર અથવા વાર્ષિકી કરાર
- કોઈપણ એન્ટિટી/વ્યવસાયમાં નાણાકીય હિત
- સ્થાવર મિલકત
- ફોરેન કસ્ટોડિયલ એકાઉન્ટ
- વિદેશી ઇક્વિટી અને ઋણ વ્યાજ
- ભારતની બહાર ટ્રસ્ટ, જેમાં તમે ટ્રસ્ટી, લાભાર્થી અથવા સેટલર છો
- એકાઉન્ટ(ઓ), જેમાં તમારી પાસે સહી કરવાની સત્તા છે
- અન્ય કોઈપણ મૂડી સંપત્તિ
- શેડ્યૂલ FAમાં નિર્દિષ્ટ કરેલ અને અન્ય કોઈપણ વિદેશી સંપત્તિ ધરાવતા હોય

કૃપા કરીને ધ્યાન આપો

એક ભારતના રહેવાસીએ કેલેન્ડર વર્ષ 2023 દરમિયાન કોઈપણ સમયે રાખવામાં આવેલી વિદેશી સંપત્તિઓ / ખાતાઓ માટે FA/FSI શેડ્યૂલ ભરવું અનિવાર્ય છે

cbc 15401/13/0002/2425

પછી ભલે,

1. તમારી પાસે કોઈ કરપાત્ર આવક નથી અથવા તમારી આવક મૂળભૂત મુક્તિ મર્યાદામાં આવે છે
2. સમાન માહિતી અન્ય કોઈપણ શેડ્યૂલમાં કેપ્ચર કરવામાં આવી છે (જેમ કે શેડ્યૂલ AL)
3. વિદેશી કે સ્થાનિક આવકના જાહેર કરેલ સ્ત્રોતોમાંથી વિદેશી સંપત્તિ ઉત્પન્ન/ હસ્તગત કરવામાં આવી છે

મહેરબાની કરીને નોંધ કરો: ITRમાં વિદેશી સંપત્તિ/આવક તરીકે જાહેર કરવામાં નિષ્ફળ રહેવા બદલ કાળાં નાણાં (અઘોષિત વિદેશી આવક અને સંપત્તિ) અને ટેક્સ એક્ટ, 2015 લાદવામાં આવતાં રૂ. 10 લાખનો દંડ થઈ શકે છે. ભલે પછી વિદેશી સંપત્તિ ઘોષિત આવકના સ્ત્રોતથી પ્રાપ્ત કરી હોય.

વધુ સહાયતા માટે, કૃપા કરીને www.incometax.gov.inની મુલાકાત લો

વધુ માહિતી માટે QR કોડ સ્કેન કરો

INCOME TAX DEPARTMENT

આવકવેરા વિભાગ

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ

@IncomeTaxIndia | @IncomeTaxIndia.Official | @IncomeTaxIndiaOfficial | @IncomeTaxIndia.Official | IncomeTaxIndia.gov.in